# પાલક માતા-પિતા અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીઓને લગ્ન સહાય યોજના

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | આ યોજનાનો લાભ કોને મળે ? | પાલક માતા-પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીઓને લગ્ન સમયે રૂ.૨,૦૦,૦૦૦ (રૂપિયા બે લાખ ) સહાય મળવાપાત્ર છે . |
| ૨ | કઇ તારીખ પછી લગ્ન કર્યા હોય તો આ યોજનાનો લાભ મળે છે ? | તારીખ-૦૧/૦૪/૨૦૨૩ પછી લગ્ન કર્યા હોય તો આ યોજનાનો લાભ મળવા પાત્ર છે. |
| ૩ | આ યોજનાનો લાભ લેવા વર્ષિક આવક મર્યાદા કેટલી છે? | આ યોજનાનો લાભ મેળવવા માટે કોઇ વાર્ષિક આવક મર્યાદા નથી. |
| ૪ | આ યોજનાનો લાભ મેળવવા અરજીફોર્મ સાથે કયા પુરાવા રજૂ કરવાના હોય છે ? | આ યોજનાનો લાભ મેળવવા અરજીફોર્મ સાથે દિકરીના જન્મ તારીખનો પુરાવો,દિકરી જેની સાથે લગ્ન કરવાની છે તેની જન્મ તારીખનો પુરાવો , પાલક માતા-પિતા અથવા મુખ્યમંત્રી બાળસેવા યોજનાનો લાભ મેળવેલ હોય તે અંગેનો પુરાવો ,લગ્ન નોંધણી પ્રમાણપત્ર ,અરજદાર દિકરીનું આધારકાર્ડની નકલ ,દિકરીના બેંક એકાઉંટની વિગત રજુ કરવાની હોય છે |
| ૫ | આ યોજનાનો લાભ લેવા અરજી ક્યાં કરવાની હોય છે ? | જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી અથવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી ખાતેથી વિનામુલ્યે અરજી ફોર્મ મેળવી જરૂરી વિગતો સામેલ રાખી જમા કરાવવાનું રહેશે. . |